સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ભૂલવા વ્યથા આત્માઓની 'ભાગવત' બેસાડી દો!
શહીદોના ઉદ્ધાર માટે, 'ભાગવત' બેસાડી દો!
સમાન કાયદાઓ માટે, 'ભાગવત' બેસાડી દો!
ને હિંદુત્વની વ્યાસપીઠે, ભાગવત બેસાડી દો!

હાઈકુ

લીવ રિઝર્વ -
'વિજય'માં વિશ્વાસ -
રાખવો પડે!

લોકસભા છે
ફૂટબોલ મેદાન -
ઠરાવો માટે...

ચિંતન

નહિ ભવતિ યત્ન ભાવ્યં ભવતિ ચ ભાવ્યં વિનાપિ યત્નેન ।
કરતલગતમપિ નશ્યતિ યસ્ય હિ ભવિતવ્યતા નાસ્તિ ॥

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

ખરેખર ! જે થવાનું નથી તે થશે નહિ, જે થવાનું છે તે વગર પ્રયત્ને પણ થશે. જો નશીબમાં નહીં હોય તો હાથમાં આવેલું પણ નાશ પામશે.

વિધિ-ભાગ્ય-નશીબ એ બધું 'કર્મફળ' ના આશ્વાસન રૂપ પર્યાય છે જેવાં કર્મ હોય તેવાં ફળ આજ નહીં તો કાલ કે કાલ નહીં તો આવતા જન્મોમાં મળવાનાં જ છે. જે મળવાનું છે તેને કોઈ રોકી નહીં સકે જે નથી મળવાનું તે કોઈ પણ બાધા-આખડી જપ-તપથી પણ નહીં જ મળે...

માટે ગીતાજીના વચનમાં શ્રદ્ધા-વિશ્વાસ રાખી ફળની આશા વિના સત્કર્મો નિષ્ઠાપૂર્વક - ઈશ્વરની સાક્ષીએ - કર્યા જ કરો. તે જરૂર કયારેય - કદીક જરૂર ફળશે.

સુવિચાર

- હૃદય જયારે વાત કરતું હોય ત્યારે દિમાગને એમાં દખલ કરવામાં અસભ્યતા જણાતી હોય છે - **લાઓત્સે**
- એક દોરડું છે જેનો એક છોડો ખ્વાહિશોએ પકડ્યો છે અને બીજો છેડો ઔકાતેં...
  આજ ખેંચતાણનું નામ જિંદગી છે - **અખંડ આનંદ**
- મનની શાંતિ જોઈતી હોય તો તમારા વિચારો સાથે ઝઘડવાનું છોડી દો - **ઝેન કથન**
- પ્રેમ વિચાર નથી, અનુભવ છે, પ્રેમ સિદ્ધાંત નથી, ચૈતન્ય છે, પ્રેમ નામ નથી,
  ક્રિયાપદ છે. પ્રેમ આ આકાશમાં અમાપ ઉડાન છે - **હંસલ ભચેચ**
- જેની પાસે ઓછું છે તેને કોઈ પણ સુખી કરી શકે... પરંતુ જેને ઓછું જ લાગે છે એને
  ઈશ્વર પણ સુખી કરી શકતો નથી - **જીવનસૂત્ર**
- માનવી પૈસાના અભાવે એટલી તકલીફ નથી ભોગવતો જેટલી ખોટા ખરચાના લીધે ભોગેવ છે - **કાન્તિ ભટ્ટ**
- આજનું ઔષધ : નસકોરી ફુટે ત્યારે સફેદ સરકરાને રૂમાં લઈ નકામાં મૂકવાથી લોહી વહેતું બંધ થાય છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

તુલસીદાસજી વિશ્વની સમગ્ર પ્રજાને રામ-સ્વરુપ સમજી બધાને જુગલ કર જોડી સૌને વંદન કરી પૂજનીય માને છે.

એક સાચા સંત હતા. એકવાર જંગલમાંથી પસાર થતા હતા અને કોઈ બદમાશે એમના માથા પર લાકડી મારી એમને ઘાયલ કર્યા. થોડીવારમાં કોઈ વટેમાર્ગુ નીકળ્યા સંતને બેહોશ જોયા અને એમને દવાખાને લઈ ગયા. સારવાર કરતાં સંત ભાનમાં આવ્યા. દવાખાનાનો કમ્પાઉન્ડર દૂધ લઈ આવ્યો અને કહ્યું, 'મહારાજ આ દૂધ પી લ્યો.'

સંત આવું સાંભળી હસી પડ્યા અને બોલ્યા, 'ભાઈ તું તો વિચિત્ર છે પહેલા માથામાં લાકડી મારીને મને ઘાયલ કર્યો હવે દૂધ આપી દવા આપી મારી સેવા કરે છે.' કમ્પાઉન્ડર બોલ્યો, 'મહારાજ મેં આપને લાકડી ન હોતી મારી એ લાઠી મારનાર બીજું કોઈ હશે.' હું તો આ દવાખાનાનો કમ્પાઉન્ડર છું. સંત બોલ્યા, હા હા એ તો હું જાણું છું, તું ભારે નટખટી બહુરુપી છે, કયારેક લાઠી મારનારો બદમાશ તો કયારેક સેવક બનીને મને દૂધ પીવડાવે છે. તારા દરેક સ્વરુપથી હું પરિચિય છું. મારા ભગવાન!!

પેલો કમ્પાઉન્ડર હવે સમજી ગયો કે સંત સૌ કોઈમાં ભગવાનને જ જુએ છે, અને જે થાય તે બધું પ્રભુ જ કરે છે એમ મોન છે. કમ્પાઉડરે સંતની વાત સમજી એમના ચરણ સ્પર્શ કર્યા અને ખૂબ સેવા કરી.

ગૌરક્ષાનું બ્રહ્માસ્ત્ર ભાજપને તારશે...

તંત્રીસ્થાનેથી...

વિપક્ષની ગેરહાજરીમાં વિધાનસભાના બજેટ સત્રના અંતિમ દિવસે રૂપાણી સરકારે ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી જીવતા માટેનું છેલ્લું શસ્ત્ર ઉગામી હિંદુ પ્રજામાં અને જૈન સમાજમાં અત્યાર સુધીના કોઈ પણ મુખ્યમંત્રી કરતાં મૂઠી ઊંચેરું સ્થાન અંકે કરી લીધું છે. ગાય સાથે હિંદુ માનસ યુગો જૂની પરંપરાગત સંવેદના ધરાવે છે. ગુજરાતમાં મહારાજ કુમારપાળે સંપૂર્ણ ગોવંધબંધી અમલમાં મૂકી હતી. એમના ગુરુ કવિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની આજ્ઞાથી સમસ્ય ગુજરાતમાં કતલખાનાં પર પ્રતિબંધ મૂકીને એમણે જીવ માત્રને જીવવાનો અધિકાર બક્ષ્યો હતો. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપામી પણ જૈન ધર્માવલંબી છે. એક તરફ લાખો-કરોડોની સંખ્યામાં અબોલ પશુપક્ષીઓની નિર્દયતા પૂર્વક કતલ થતી રહે છે અને શ્વેતક્રાંતિની લગોલગ દેશ માંસ ઉત્પાદનની કવિત્વમય ઓળખ સમી ગુલાબી ક્રાંતિ 'પિન્ક રિવોલ્યુશન'માં પણ અગ્રેસર બની રહેલ છે ત્યારે વિજય રૂપાણીએ ગુજરાતની સંવેદનશીલ પ્રજાને ગોવધબંધીનો કડક અમલ કરવાની ખાતરી કરાવતો કાયદો પસાર કરી દૃઢ મનોબળ સાથે જ વણિક સહજ રાજકીય કુનેહનો પરિચય આપ્યો છે. ગૌવંશની હત્યા કરવા કે કરાવવા બદલ ૧૦ વર્ષથી લઈ આજીવન કેદ અને પાંચ લાખ જેવી મોટી રકમના દંડની જોગવાઈ કરાઈ છે. ગૌમાંસની બનાવટો વેચનારને પણ સાતથી દસ વરસની કેદ અને એકથી પાંચ લાખ દંડ થશે. રાતના સમયે ગૌવંશની હેરાફેરી પર પ્રતિબંધ મુકાયો છે અને આવી હેરાફેરી કે ગૌમાંસ લઈ જતાં વાહનોને રાજયસાત કરવાની કડક જોગવાઈ કરાઈ છે, આ તમામ ગુના બિનજામીનપાત્ર છે. આટલો કડક કાયદો દેશમાં અન્ય કોઈ પણ રાજયમાં નથી. ગુજરાત દયાનંદ અને ગાધીનું રાજય છે. તેઓઓ ગૌરક્ષા માટે કેટલું ઊંડું ચિંતન કરેલું તે સર્વવિદિત છે. અલબત્ત, ગાંધીજી મુસલમાનોને કાયદાના જોરે નહીં પણ સ્વવિવેકથી ગૌહત્યા અટકાવવા પ્રેરતા રહ્યા હતા. ગુજરાતની ભાજપ સરકારે કાયદાનો આશ્રય લેવો પડ્યો છે એન તે બહુમતી હિંદુ પ્રજાની આ દિલની વાતનો અમલ કરવા કૃત સંકલ્પ છે. સમજાવટથી પરિણામ ન મળે ત્યારે કાયદાની કડકાઈ જરૂરી બને છે. ખુદ મુખ્યમંત્રીએ કહ્યું છે કે ગૌવંશનું જતન એ ધર્મનું રક્ષણ છે. ભાગ્યે જ કોઈ ગોવધબંધીના ગુજરાત સરકારના આ કાયદાનો વિરોધ કરવાની હિંમત કરશે, કારણ કે એમાં પ્રજાકીય સમર્થન ઉપરાંત ધાર્મિક લાગણી સંકળાયેલી છે. અલબત્ત, રૂપાણી સરકાર દ્વારા બરાબર ચૂંટણી પૂર્વે પસાર કરાયેલ પશુ સંરક્ષણ સુધારા વિધેયક પાછળ ૨૦૧૭ની ચૂંટણીમાં વિક્રમ બેઠકો માટે કમબેક કરવાનો સ્પષ્ટ ઈરાદો પડેલો છે. હેતુ ભલે રાજકીય લાભ ખાટવાનો હોય, પરંતુ બહુમતી પ્રજા જેની વર્ષોથી માગણી કરતી હતી તે ગૌરક્ષાનો મુદ્દો આખરે આ રીતે પણ હલ થતો હોય તો પ્રજાને એ શિરોધાર્ય જ હશે. જો કે ગાયોને કતલખાને જતી બચાવવા જેટલો જ મહત્ત્વનો મુદ્દો રખડતી અને પ્લાસ્ટિક ચરતી ગાયોને સારી રીતે પાળવા-પોષવાનો પણ હોવો જોઈએ. જેને માતા તુલ્ય માનીન પૂજતા હોઈએ એને ગંદકીના ઢગલાઓમાંથી અખાદ્ય પદાર્થો ખાતી કેવી રીતે જોઈ શકાય ? ગુજરાત સરકારે આ બાબતે પણ નક્કર કાર્યવાહી કરવાની જરૂર છે.

વિશ્વનું નાનામાં નાનું - સસ્તન પ્રાણી

વિશ્વના નાનામાં અને મોટામાં મોટા સસ્તન પ્રાણીઓની વાત કરવામાં આવે ત્યારે ઊંચાઈ, વજન, લંબાઈ અને જમીન પરનું છે કે પાણીમાં રહેતું છે તેની હકીકતો ધ્યાનમાં લેવામાં આવે છે. આ પ્રકારની માહિતી મેળવવી રસપ્રદ તો બને જ છે એ પણ તેની સાથેસાથે જૈવિક વૈવિધ્યનો અંદાજ પણ આવે છે.

આપણે જાણીએ છીએ તેમ બ્લ્યુ વિશ્વનું મોટામાં મોટું સસ્તન પ્રાણી છે જે દરિયામાં વાત કરતું હોઈ દરિયાઈ સસ્તન પ્રાણી ગણાય છે. જેની લંબાઈ ૩૦ મીટર (૯૮ ફૂટ) જેટલી અને વજન ૧૮૦ મેટ્રીક ટન જેટલું હોય છે. એટલે કે ૧૮,૦૦૦,૦૦૦૦૦ ગ્રામ થાય તેની સામે વિશ્વનું નાનામાં નાનું સસ્તન પ્રાણી એસ્ટુસકેન શ્રુ (Estuscan shrew) એક જાતનું છછુંદર ફક્ત ૧.૮ ગ્રામ વજન ધરાવે છે. આમ, આ અછુંદર બ્લ્યુ વ્હેલ કરતાં ૧૦,૦૦,૦૦,૦૦૦ ગણું નાનું થયું કહેવાય.

આજ રીતે કીટીસ હોગ નોઝડ બેટ (Kitti's hog - nosed bat) પણ વિશ્વના નાનામાં નાના સસ્તન પ્રાણીની યાદીમાં સ્થાન ધરાવે છે. આ એક પ્રકારનું નાનકડું ચામાચીડિયું છે જે થાઈલેન્ડ અને મ્યાનમાર જેવા દેશોમાં જોવા મળે છે. આ ચામાચીડિયું બમ્બલ બી બેટ (Bubble bee bat) તરીકે જાણીતું છે. આ નામનો વાંચતા સમજી શકાય તેમ છે કે તેની સરખામણી એક મોટી માખી સાથે કરવામાં આવી છે.

આ કીટીસૂ હોગ - નોઝટ બેટની લંબાઈ ફક્ત ૧ ઈંચની આસપાસ અને તેનું વજન ૧.૩ ગ્રામ જેટલું જ હોય છે. આ ચામાચીડિયું નાનામાં નાની છે.

વિશ્વના નાનામાં નાના સસ્તન પ્રાણીઓમાં એસ્ટુસકેન શ્રુ - કે જેને વ્યાઈટ ટુથ્ડ પીગ્મી શ્રુ (white toothed pygmy shrew) પણ કહે છે તેની લંબાઈ ૩ થી ૫.૨ સેન્ટીમીટર જેટલી હોય છે. આ નાનું છછુંદર તેના શરીરના વજન કરતાં રોજ દોઢથી બે ઘણો ખોરાક લે છે. જેમાં મોટાભાગે નાના કદના પૃષ્ઠ અને અપૃષ્ઠવંશી જીવો કે જેમાં કીટકો, ઈયળો, અળસિયાં, નાના કદના ઉભયજીવીઓ, કાચીંડા, કૃંતકોના બચ્ચાં વગેરે ખાય છે.

આ પ્રકારના છછુંદરો યુરોપ અને ઉત્તર આફ્રિકાથી લઈને મલેશિયા સુદી જોવા મળે છે. મોટું માથું, સૂઢ જેવું મોટું મો અને પાછલા પગ પ્રમાણમાં નાનાં હોય છે. આ છછુંદર મોટાભાગે એકલું રહે છે. પરંતુ માર્ચથી લઈને ઓકટોબર માસ દરમિયાન સંવનન સમયે માદા સાથે જોઈ શકાય છે. વર્ષના કોઈ પણ સમયે ગર્ભધારણ કરે છે. ગર્ભકાળ ૨૮ દિવસનો હોય છે અને ત્યારબાદ ૨ થી ૬ બચ્ચાંને જન્મ આપે છે. આ જન્મ સમયે બચ્ચાં શરીરે રૂંવાટી વગરના અને અંદ હોય છે. તેને ૧૪ થી ૧૫ દિવસમાં આંખો આવે છે અને ૩ થી ૪ અઠવાડિયામાં જ આ છછુંદરો પુખ્ય થઈ જાય છે. બે વર્ષ જેટલું આયુષ્ય ધરાવે છે.

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

ખુબ જ વિશેષ વાત તો એ છે કે આ છછુંદર એક (૧) સેકન્ડમાં ૨૫ અને એક મિનિટમાં ૧૫૧૧ (એક હજાર પાંચસોને અગિયાર) જેટલા ધબકારા લે છે. ઠંડીની ઋતુમાં અને ખોરાકની અછત હોય ત્યારે કામચલાઉ સમાધિમાં જાય છે. અને શરીરનું તાપમાન ૧૨ ડિગ્રી સેન્ટીગ્રેટ જેટલું નીચું કરી લે છે.

એક તરફ જમીન પરના સહુથી વજનદાર સસ્તન પ્રાણી એવા આફ્રિકન બુસ એલીફન્ટ, ઊંચામાં ઊંચા જીરાફ જેવા પ્રાણીઓ છે ત્યારે અજાણ્યા આવા ટચુકડાં સસ્તનો કુદરતી અનમોલ ભેટ નથી તો શું છે ?

ટકા સંદર્ભે સરકારે પણ વિવિધ યોજનાઓ બનાવવી જોઈએ...

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

ટકાપુરાણ

માણસની આબરૂ એનું મસ્તક છે અને મસ્તકની આબરૂ એનાં વાળ છે. હવે તમે વિચારો કે જેને મસ્તક છે પણ વાળ નથી એની મસ્તકદશા કેવી હશે ? વાળ વિનાનું મસ્તક કે ઘાસ વિનાના મેદાન જેવું, ધજા વિનાના મંદિર જેવું અને મુગટ વિનાના મહારાજ જેવું છે. ગુમાવેલી ઈજ્જત પાછી મેળવી શકાય છે પણ ગુમાવેલા વાળા પાછા મેળવી શકાતા નથી. એ સત્ય હકીકત છે અને વાળ વિનાના મસ્તકની વ્યથા કોઈ સમજતું પણ નથી. સૌ પ્રથમ તો એનું નામાભિધાન બદલાઈ જાય છે... જે લોકો પ્રેમથી, આદરથી... મસ્તક, મુખ, માથું, શિર... કહે છે કે જે લોકો વાળ વિનાના માથાને 'ટકો' કહીને માથાનું, મસ્તકનો ઘોર અપમાન કરે છે.

આમ જોઈએ તો આ 'ટકો' શબ્દ જ હાસ્ય ઉત્પન્ન કરે એવો છે. પરંતુ 'ટકા' પાછળ કેટલો ગંભીર અને ગમગીન ઈતિહાસ પડેલો છે એ તો જે ટકો થઈ ગયો છે એ જ જાણે 'ઘાયલ કી ગત ઘાયલ જાને'ની જેમ 'ટકા કી ગત ટકા જાને' એમ આપણે કહી શકીએ.

આપણા હિન્દુ ધર્મમાં માતા, પિતા, દાદા, દાદી કે કોઈ વડીલ મૃત્યુ પામે ત્યારે તેમના સ્નેહીજનોને માથે ટકો કરાવવાનો હોય છે. બસ આ છે ટકા પાછળની ટ્રેજેડી. જો કે આ ટ્રેજેડીને બાદ કરતાં ટકો આજે કોમેડી અને ફેશનમાં પણ ઉપયોગી થવા લાગ્યો છે.

કેટલાંક વર્ષો પહેલા મારા ધ્રાંગધ્રા શહેરમાં 'ટકા' નો આખો ઈતિહાસ સર્જાયો હતો. શહેરમાંથી અસામાજિક તત્ત્વોને પકડી-પકડીને 'ટકા' કરવાનો અદ્‌ભૂત કીમિયો તે સમયના એક પોલીસ ઈન્સ્પેક્ટરે શરૂ કરેલો. જે ઘણો પ્રશંસનીય અને અસરકારક રહ્યો હતો. ટકો થવાથી બીકથી આખા શહેરના અસામાજિક તત્ત્વો શાંત થઈ ગયેલા, કારણ કે વાળ વિનાનું માથું એ કપડાં વિનાના શરીર જેવું છે. (કદાચ તેથી જ આપણ નાતેઓ માટે 'ટોપી' પહેરતા હશે!) આ સમયગાળામાં અમારા શહેરમાં તત્વોએ 'ટકા'નું બિરુદ મેળવેલું.

'ટકો' એ માણસને અનેક રીતે ઉપયોગી થાય છે. સૌપ્રથમ 'ટકો' એ એક જાતની આર્થિક બચત છે. વાળ સેટ કરાવવાની, સુગંધી સાબુ કે શેમ્પુથી ધોવાની, કલર કે મહેંદી મૂકવાની કોઈ ઝંઝટ જ નહીં, વળી, કોઈની સાથે ઝઘડામાં વાળ ખેંચાવાની ચિંતા જ નહીં. તેથી ઝઘડાખોર માણસોએ ટકો કરાવીને જ શહેરમાં ફરવું જોઈએ અને ઝઘડા કરવા જોઈએ.

ટકો રાખવાના આર્થિક લાખની સાથે વૈજ્ઞાનિક લાભ પણ મળે છે. સૂરજના શુદ્ધ કિરણો મગજને (જો હોય તો) સીધાં જ સ્પર્શે છે અને યાદશક્તિ પણ વધે છે. તેથી પરીક્ષાઓના સમયે દરેક હોંશિયાર કે ઠોઠ વિદ્યાર્થીઓએ માથે ટકો કરાવવો જોઈએ. ટકો રાખવાથી આપણી આત્મશક્તિ પણ એકદમ વધે છે. કેમ કે આપણા ઉપર કોઈ ફિલ્મી હીરાનો પ્રભાવ પડ્યો હોય તો ટકા કરાવવાથી નીકળી જાય છે અને આપણા વ્યક્તિત્વની અંદર નથી આત્મશક્તિ જાગૃત થાય છે.

ટકો રાખવાથી કયારેક મહાન પણ બની જવાય છે. આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીને માથે ટકો જ હતો ને? અને તેમણે આખાય દેશને સ્વતંત્ર અપાવીને વાળ સભર મોટા માથામાં સાવ નિમ્નકક્ષાના બનાવી દીધા હતા.

ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં લગભગ બધા જ બ્રાહ્મણ - આચાર્યો માથે ટકો રાખતા હતા. આચાર્ય વિષ્ણુ ગુપ્ત (ચાણક્ય) ના ટકોનો પ્રતાપ નંદવંશે જોયો હતો અને પછી ઈતિહાસે પણ જોયો.

આજે જવાંમર્દ બનીને ફરતા સીક્સ કે એઈટ પેક્સ બોડી બનાવવાની ધૂન રાખવા યુવાનો દેશ કે સમાજ માટે કોઈ ન કરી શકે તો કમ કે કમ માથે ટકો તો કરાવી શકે ને? શક્ય છે કે ટકો કરાવવાથી બધી ભ્રમણાઓ અને ભ્રાંતિઓમાંથી મુક્તિ મળે અને આતંકવાદ સામે લડવાની નૈતિક હિંમત મળે.

જો આપણે દેશને સાચ્ચે જ એકવીસમી સદીમાં લઈ જવો હોય તો આપણા નાની-પ્રતિષ્ઠિત લેખકોએ પણ બદલાવું પડશે. સમગ્ર વિશ્વમાં કે દેશમાં કાંઈ એકી સાથે બધાય ટકો નથી કરાવવાના... માટે અમુક સારા અને સ્થાયી (કોલમ લખથા) લેખકોએ આ ટકો કરાવવાની સ્થાપી અન્ય લેખકોને પણ સભ્યો બનાવવા જોઈએ અને પછી તાલુકાથી જિલ્લો, રાજય અને રાષ્ટ્રવ્યાપી બનાવવો જોઈએ. સૌથી મોટો લાભ લેખકોએ એ થશે કે ટકો હોવાથી સાહિત્ય જલ્દી ઓળખાઈ જશે. (આજે કોઈ ઓળખતું નથી માટે) વૈશ્વિક સાહિતયના ઈતિહાસમાં ગુજરાતના લેખકો અમર થઈ જશે. આ ટકો કરાવવાથી એક લાભ એ પણ થશે કે સાહિત્યકારો પોતાની ઉંમર છુપાવી શકશે. ધોળા વાળને કાળાં નહીં કરાવા પડે અને દર બે-ચાર દિવસે માથું ધોવાની - વાલ ઓળવાની માથાકૂટ નહીં. વળી, સાહિત્યના અધિવેશન વખતે સ્ટેજ ઉપર અને મંડપ નીચે બધા જ ટકા કરાવીને બેઠા હોય તો એની સામાજિક અસર પણ કેટલી વ્યાપક પડશે નવોદિત સાહિત્યકારો પણ સકારાત્મક વિચારતા થઈજશે. ટી.વી. ચેનલો, મીડિયા ચારે તરફ લેખકોને 'ટકા' ના કરી મૂકશે.

દુનિયાના લગભગ દેશોના વડાપ્રધાનોને જૂથો તો મોટા ભાગનાને માટે ટકા છે (અને નહીં હોય તો થઈ જશે) મોટા મોટા સંત મહાત્માઓને માથે પણ 'ટકો' હોય છે. આમ, ટકા માટે મહાનતા કે મહાનતા સાથે ટકો.... હંમેશાં સંકળાયેલા જ રહે છે.

આ ટકા સંદર્ભે સરકારે પણ વિવિધ યોજનાઓ બનાવવી જોઈએ... સરકારે કાયદો ઘડવો જોઈએ કે બે થી વધુ બાળકો થાય એવા પતિ પત્ની બેમાંતી કોઈ પણ એકને ફરજિયાત માટે 'ટકો' કરાવવો પડશે. જે કાયમી ધોરણે રહેશે. આમ કરવાથી ફાયદો એ થશે કે કુટુંબ નિયોજનની યોજના સફળ બનાવવા માટે લાખો કરોડોની જાહેરાતો નહીં કરવી પડે અને સૌએ સો ટકા લક્ષ્યાંક પણ સિદ્ધ થશે. દેશના તમામ ધારાસભ્યો - સંસદસભ્યોને પણ માથે ફરજિયાત ટકો કરાવવાનો કાયદો ઘડવો જોઈએ, જેથી વિધાનસભા કે લોકસભામાં થતી ધાંધલ-ધમાલ કે મારામારી -ગાળાગાળી વખતે કોઈ નેતા જલ્દીથી ઓળખાઈ ન જાય, વળી સરકારે 'ટકા' સમિતિ નીમીને બેકાર યુવાનોની ભરતી કરી ટકા કરાવી કાર્યરત કરવા જોઈએ અથવા ટકા કરાવનાર યુવાનોને બેકારી ભથ્થું આપવાની યોજના પણ અમલમાં મૂકવી જોઈએ.

અને અંતમાં કોઈ સરકાર યોજના ઘડે કે ના ઘડે નોકરી મળે કે ના મળે પણ દરેક યુવાને (વૃદ્ધ પણ) ટકો કરાવીને દેશસેવા કરવી જ જોઈએ. અને પછી જોર જોરથી જાહેર કરવું જોઈએ. 'મેરા ટકા મહાન....'.

મૈ તેનું 'સમજાવા' કી...!!!

રગળપાટ
અજય ઉપાધ્યાય

'સમજણ વિના રે સુખ નહિ જંતને રે; વસ્તુગતિ કેમ કરી ઓળખાય ?... આપમાં વસે છે આપનો આતમા રે,

તેણે કાંઈ જીવપણું નવ જાય' (અખો)! અખાની આ અમર રચનાની શરૂઆત ફરી વાંચો. સીધી ને સટ વાત કહી છે વર્ષો પહેલા... કે ...સમજણ વિના સુખ નાં આવે...! આપણે ઘણી વાર કહીએ છીએ ને કે 'ઢાંઢાં જેવડો થયો હવે તો કેક સમજ....!' પણ આમાં શું છે કે ઢાંઢાં જેવડા થાવ કે ના થાવ આ સમજણને એન્ટ્રી કરવાની ક્યાં કોઈ ચોક્કસ ઉમર હોય જ છે. ઘણા આપણને એવા પણ જોવા મળે કે હોય ઉમરમાં નાના પણ સમજણ ગજબની હોય, એમની વાતો ડાહી હોય, મુદ્દાસર હોય અને ખાસ તો ગ્રાહ્ય હોય..! સમજણને અને આ ડહાપણને પુર્વાપરનો સંબંધ છે એમ કહી શકાય. કોઈને એમ કહોને કે 'ભારે ડાહ્યો કે ડાહ્યી છે' ઈટ મીન્સ કે એ સમજદાર છે ! સમજણ હોય ત્યાં ડહાપણની દેવીનો નિવાસ હોવાનો જ..! સમજણ અને ડહાપણ માનો કે એક સિક્કાની બે બાજુ છે...! પણ મેઈન પોન્ટ ઈ છે કે વોટ ઈઝ સમજણ...? એ આવે ક્યારે...? કેમ...? ક્યાંથી..? ક્યારે...? ...ઓહ્‌હ ટુ મેની કોશ્ચન હે ને...?

કેટલાક લોકો હોય આપણાથી ઉમરમાં અર્ધા પણ એટલી સમજણપૂર્વક, સરસ અને મેચ્યોર વાતો કરે કે આપણને આપણા મોટા હોવા વિષે ડાઉટ થવા માંડે..! અને અમુક કબરમાં પગ લટકાવા સુધી પહોચી ગયા હોય પણ જેવું મો ખોલે કે પૈસા પડી જાય...! આપણને એમ થાય કે આ ભાઈ કે બુને આટલા વરહ વોટરમાં નાખ્યા...! તમને એમ થાય કે હવે આ મહાનુભાવ અટકે તો સારું...! કોઈ જ વાતનો ચોક્કસ જવાબ ના હોય અને હોય એ પણ માથામેળ વગરનો હોય...! ઉમરને અને સમજદારીને કશો જ સંબંધ નથી હોતો એનો દ્રઢ પરચો આપણને આવા ઈન્સાનોની પાવન મુલાકાતોથી મળતો હોય છે...! ઘણીવાર આપણી મુશ્કેલીનો હલ આપવાને બદલે એ આપણને વધુ ગૂંચવી નાખતા હોય, ઉલટાનું આવા લોકોને મળીને આપણને એક વાતની સમજણ તો આવી જ જાય કે 'આવા લોકોને મળાય જ નહિ...! પેલી કહેવત છે ને કે'સોળે સાન અને વિશે વાન આવે તો આવે નહીતર...'' બસ્સ્સસ આવા અ-સમજણ ઈન્સાનો ચોક્કસ આ સોળવાળી ટ્રેન ચુકી જ ગયા હોય....!

હવે ક્યુરોસીટી એ થતી હશે કે આ ' સમજણ ' એ કઈ બલાનું નામ છે ? એને ઓળખવી કેમ ? આમ તો સમજણની સાદી અને સીધી વ્યાખ્યા આ મુજબ છે...'' સમજણ એટલે કોઈ પણ બાબત, પરિસ્થિતિ, સંજોગ અને વ્યક્તિ પરત્વેની આપણી સૂઝ, જ્ઞાન કે નક્કી કરેલી કોઈ વિચારધારા. જે સકારાત્મક પણ હોઈ શકે છે અને નકારાત્મક પણ હોઈ શકે છે. ''...બસ લો આટલામાં સમજાય તો એ છે સમજણ..! પણ આમાં બે ઈમ્પો વાત પર ગૌર ફરમાવા જેવું છે, એક તો સકારત્મક અને બીજું નકારત્મક...! જી હા સમજણ બે પ્રકારની પણ હોય શકે... આઈ મીન પોઝીટીવ સમજણ અને નેગેટીવ સમજણ..! આગળ જે અ-સમજદાર ઈન્સાનોની વાત કરી એ પાછલા પ્રકારના જીવો ગણવા...! દરેક વાતમાં નકાર નકાર ને નકાર કરવો એ પણ સમજણ શોર્ટેજની સબળ નિશાની જ છે...! આ નેગેટીવ સમજણ ધરાવતા પામર જીવોને શુદ્ધ ગુજરાતીમાં 'દોઢ ડાહ્યા' કે પછી 'અક્કલમઠ્ઠા' કહ્યા જ છે ને....!

ઓકે, અત્યારે નકારાત્મકતાને મારો ગોલી અને વાત કરીએ પોઝીટીવ સમજણની. સકારાત્મક સમજણ એટલે ગમે તેવી વિપરીત પરીસ્થીતી સર્જાય, ગમે તેવા આકરા સંજોગો નિર્માણ થાય પણ જરાયે વિચલીત થયા વગર સવળી – પોઝીટીવ વિચારધારા જાળવી રાખવી. હેવી થઈ ગયું ને...? એની વે સીમ્પ્લીફાય કરી લઈએ. આકરી સ્થિતિઓમાં મન કે દિમાગને હમેશા એ યાદ અપાવતું રહેવું પડે કે સંજોગો બદલાઈ શકે છે, પરિસ્થિતિઓ સુધરી શકે છે અથવા તો એનું ઉલટું પણ. જેમકે અમુક સંજોગો એવા હોય કે આપણે એને બદલી શકીએ એમ હોતા નથી એવા વખતે સ્થિર રહેવું અને સંજોગને સ્વીકારતા શીખવું એ જ સાચી સમજણ..! એઝ ફોર એકઝામ્પલ મૃત્યુ. આપણને ખબર જ છે કે ગયેલો જીવ પરત નથી જ આવવાનો તો વિલાપ કે શોકની જગ્યાએ આગળનું વિચારીને ખુદને અને બીજાને સાંત્વના આપવી એ સમજણ...! હવે તાળો મળી ગયો ને કે સમજણ આવે ક્યાંથી ? જી હા સમજણ એ બીજું કઈ નહિ પણ વિભિન્ન પરિસ્થિતિઓમાં તમારી વિચારધારા કે તમારું વર્તન એ જ 'સમજણ'..!

'જબ જબ જો જો હોના હૈ, તબ તબ સો સો હોતા હૈ...' ! જી હા સમજણને ગ્રો કરાવવાનો આ અદ્‌ભૂત મંત્ર કોઈ અજ્ઞાત જ્ઞાનીએ આપેલો છે જ..! એક્ચ્યુલી આને ફરી વિચારો તો ભરપુર પીઝીટીવીટી દેખાઈ આવશે, બસ તો એ જ વાત છે ને કે સકારાત્મક રહો એ જ સમજણ આવ્યાની નિશાની છે...! સમજણ કાઈ 'મુન્ના બ્રાસ બેન્ડ' લઈને મારતે ઘોડે તમારે આંગણે ના આવે...એને તો ડેવલોપ કરવી પડે...એને એન્ટર કરવી પડે...! શેમાં ? તમારા વિચાર અને વર્તનમાં...! જી હા, ખાલી સમજણપૂર્વકના વિચારોથી કાઈ વળે નહિ એ માટે તમારું વર્તન પણ એ મુજબનું હોવું જોઈએ. લાખ ડહાપણ ભર્યું હોય ભૂરામાં પણ જીભે એકે-૪૭ હોય તો પછી ગઈ સમજણ પાની મેં...! અસલમાં સારું વર્તન એ સમ્જદારની નિશાની છે અને ય્સ્સ સારી ભાષા પણ. જો કે સમજણ આવે એટલે આ બંને અચૂક આવે જ, હા ઘણાને આ આખાયે પેકેજને બદલે છુટ્ટા છુટ્ટા પેકેજો મળતા હોય છે પણ એ તો જેવા જેના નસીબ....!

સમજણ આવે જાણકારીથી, અનુભવોથી, વ્યવહારથી અને ઉછેરથી..! જી હા સમજણ એ એક સંસ્કાર છે, જો આગલી પેઢીથી એ મળ્યા હોય તો સમજણ ખીલતા વાર લાગે નહિ. સમજણ આવે જ્ઞાનથી– જાણવાથી. જે ઘટના – વ્યક્તિ – સ્થિતિ વિષે તમે જેટલું વધુ જાણો એટલી એ ઘટના-સ્થિતિ કે વ્યક્તિ વિશેની તમારી સમજણ ઓર બહેતર થતી જવાની. અહિયાં આ વાત કોનો કેટલો ગ્રાસ્પીંગ પાવર છે એના પર નિર્ભર છે, જેને સમજવું જ નાં હોય એને ગમે ત્યાં છુટ્ટા મુકો ને તો પણ જળકમળવત સાવ કોરેકોરા – એવા ને એવા બેક ટુ પેવેલિયન થવાના જ...! જો કે એ પણ હકીકત છે કે જાણવું એક વાત છે, સમજવું બીજી વાત છે. પરંતુ જીવવું એ તદ્દન ત્રીજી જ વાત છે. પણ એટલું તો સેન્ટ પરસેન્ટ સત્ય છે કે જાણકારી એ સમજણના ક્લાસમાં એડમીશન લેવાનું ફર્સ્ટ અને ફોરમોસ્ટ ફેક્ટર છે તો ખરું જ. આપણે અત્યારે માહિતી વિસ્ફોટના જમાનામાં જીવીએ છીએ. ચારેકોર અનેકો પ્રકારની માહિતીઓ, સારી કે નરસી સતત ને સતત આપણા દિલોદિમાગ પર અથડાયા કરે છે એવામાં એ જરૂરી બની જાય છે કે કઈ માહિતી જાણવી જરૂરી છે, ખપની છે, કામની છે, અને એ જરૂરી લીસ્ટને પ્રિપેર કરવા તમારું દિમાગ જે હાર્ડવર્ક કરવાનું એ સમજણ અને એ જ સમજણ આવ્યાની કે સમજદાર થયાની હેપ્પી સાઈન...! સમય અને સંજોગો મુજબ તમારી અક્કલને કરો એપ્લાય એટલે સ્ટેપ બાય સ્ટેપ અને એજ બાય એજ સમજદાર થતા જ જવાના, પણ હા બા-શર્ત કે અક્કલ